## જન્મદિને વધામણી



દલજીભાઈ લલ્લુભાઈ શ્રીમાળી
નિવૃત્ત આચાર્ય-મો. ૯૪૦૮૪ ૭૪૪૪૨



રામીબેન દલજીભાઈ શ્રીમાળી
મો. ૯૪૦૮૪ ૭૪૪૪૨



કિશનભાઈ બ્રહ્મભટ્ટ
ઉપ પ્રમુખ, બ્રહ્મભટ્ટ સમાજ
મો. ૯૯૦૪૦ ૩૫૩૬૨



ઈલાબેન રત્નોત્તર
મો. ૯૧૦૪૩ ૭૦૧૪૯




મિગ્નેશ દિનેશભાઈ પટેલ
મો. ૯૯૯૮૨ ૦૬૫૬૭



યશદીપસિંહ વાઘેલા
મો. ૯૦૫૪૦ ૭૯૫૨૬



દિક્ષા સેજલકુમાર પંડ્યા



ધ્યેય બિમલકુમાર રાવલ
ફોન : ૨૩૨૨૭૬૯૦
મો. ૯૪૦૮૭ ૭૮૫૯૩



વેદ કુણાલ પટેલ
મો. ૭૪૦૫૭ ૫૯૪૯૯



નિલય ગૌરાંગકુમાર શર્મા

# શહેરમાંથી પસાર થઈ રહેલા પગપાળા સંઘે ભક્તિભાવનું વાતાવરણ સર્જ્યું

### અમદાવાદના શાહપુરથી પેઢામલીના અંબાજી મંદિરે સતત ૨૪માં વર્ષે પદયાત્રી સંઘનું પ્રયાણ : ચૈત્રિ પૂનમે પેઢામલી પહોંચી દર્શન કરશે

ગાંધીનગર, તા. ૨૦

ચૈત્ર માસની ગરમી આકાશેથી વરસી રહી છે અને પવિત્ર ચૈત્ર માસની પૂનમ પણ નજીક આવી રહી છે. ચૈત્રિ પૂનમનું આગવુ મહત્વ હોય છે. આ પૂનમે આદ્યશક્તિના દર્શનનો મહિમા રહેલો છે. વિજાપુર નજીક સાબરમતી નદીના કિનારે વસેલા પેઢામલી ગામે અંબાજી મંદિર શ્રદ્ધાળુઓમાં મહત્વનું આસ્થાનું કેન્દ્ર બનેલ છે.

આ મંદિરે ચૈત્રી પૂનમે દર્શન કરવા પગપાળા સંઘો પ્રયાણ કરી રહ્યાં છે. આજે અમદાવાદના સાહપુરથી નિકળેલ એક જુનો પગપાળા સંઘ સતત ૨૪મા વર્ષે પેઢામલી ખાતે ચૈત્રિ પૂનમના દિવસે પહોંચી દર્શન કરી ધજા ચઢાવશે.

આશરે ૩૦૦ જેટલા સભ્યો ધરાવતો આ પગપાળા સંઘ ગઈકાલે સવારે ૬ વાગે અમદાવાદના શાહપુરથી નિકળ્યો હતો અને બપોરના સમયે ગાંધીનગર પહોંચ્યો હતો. આ પદયાત્રા બપોરના સમયે ગાંધીનગર પહોંચ્યો હતો. આ પદયાત્રા સંઘ વિશે માહિતી આપતા વડીલ પદયાત્રી અરવિંદભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે શાહપુરથી આ સંઘ છેલ્લા ૨૩ વર્ષથી સતત નીકળે છે અને આ ૨૪મું વર્ષ છે. આ સંઘમાં સાહપુર વિસ્તારના બ્રાહ્મણ, સુથાર, પંચાલ, દરજી, સોની, પટેલ, મોદી, વણિક એમ લગભગ દરેક જ્ઞાતિના શ્રદ્ધાળુઓ પરિવાર સાથે સામેલ થાય છે. દર વર્ષે ચૈત્રિ પૂનમે પગપાળા પેઢામલી જઈ આદ્યશક્તિ મા જગદંબાના દર્શન કરી ધજા ચઢાવવામાં આવે છે અને નૈવેધ વગેરે ધરાવવામાં આવે છે. આ પદયાત્રા સંઘની સાથે પોતાના સ્વયંસેવકો દ્વારા રસોઈ અને રાત્રિ રોકાણની વ્યવસ્થાનો પૂરો સામાન લઈ જવામાં આવે છે અને રસ્તામાં નિયત સ્થળોએ જ રોકાણ કરવામાં આવે છે. વળી પદયાત્રા દરમ્યાન મા અંબેના ભજનો, સ્તુતિ, ધૂન તેમજ ગરબા વગેરેથી સતત ભક્તિમય માહોલ જાળવવામાં આવે છે.

પગપાળા સંઘ સાથે માતાજીનો આકર્ષક સણગારેલો રથ પણ હોય છે. અને સવાર-સાંજ તેની આરતી પૂજા વગેરે પણ કરવામાં આવે છે. આ સંઘ શહેરના વિજાપુર તરફના માર્ગો પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે આ માર્ગો પર ભક્તિમય વાતાવરણ છવાઈ ગયું હતું. અને રાહદારીઓ તથા વાહનચાલકો પણ માતાજીનો રથ જોઈ દર્શન કરવા ઉભા રહી જતા જોવાયા હતા.

# ચારુસેટ એન.એસ.એસ. યુનિટ દ્વારા થલેડી મુકામે એનએસએસનો વાર્ષિક કેમ્પ યોજાયો





આણંદ, તા. ૧૨

ચરોતર યુનિવર્સિટી ઑફ સાયન્સ ઍન્ડ ટેકનોલોજી કાર્યરત ચારુસેટ એન.એસ.એસ. યુનિટ દ્વારા તાજેતરમાં થલેડી ખાતે એન.એસ.એસ.નો વાર્ષિક કૅમ્પ યોજાયો હતો, જેમાં ચારુસેટ સાથે સંલગ્ન વિવિધ સંસ્થાઓના ૮૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓમાં શ્રમકાર્ય તથા સ્વ-સહાય દ્વારા સામાજિક તથા નાગરિકીય જવાબદારીનો વિદ્યાર્થીઓમાં સંચાર કરવાનો આ કૅમ્પનો મુખ્ય હેતુ હતો.

કેમ્પ દરમિયાન વિવિધ નવીનતમ પ્રવૃત્તિઓનું આયોજન કરાયું હતું. ખાસ કરીને પ્રભાતફેરી, યોગ, કસરત, સ્વચ્છતા અભિયાન, લોકસંપર્ક, જનજાગૃતિ વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત સ્વયંસેવકો દ્વારા શેરીનાટક, સ્વાસ્થ્ય જાગૃતિ અભિયાન, સૂત્રોચ્ચાર-લેખન, વૃક્ષારોપણ, મહિલાઓ માટે મહેંદી સ્પર્ધા, કેશગૂંથન સ્પર્ધા, બાળકો માટે ચિત્રસ્પર્ધા, ધૂળેટી, વનભોજન, સર્પજાગૃતિ, અંધશ્રદ્ધા વિષયક કાર્યક્રમ તથા એનએસએસ વિશેની જાગૃતિ રેલી વગેરે જેવી પ્રવૃત્તિઓ હાથ ધરાઈ હતી.

સ્વયંસેવકો ગ્રામીણ જીવનના નજીકના અનુભવો મેળવી શકે તે માટે એક દિવસ દત્તક દિન તરીકે ઉજવાયો હતો. તેમાં સ્વયંસેવકોએ એક-એકની જોડમાં ગામના અમુક કુટુંબોને દત્તક લીધાં હતાં. દિવસ દરમિયાન તેમણે ગ્રામીણ જીવનશૈલીનો અનુભવ કર્યો હતો. ઘણા સ્વયંસેવકોએ રોટલા બનાવવા, ગાયો ચરાવવી, ભેંસો દોહવી, ખેતીકામ કરવું, નાટ્ય ભજવવું વગેરે જેવી પ્રવૃત્તિઓ જીવનમાં પ્રથમ વાર કરીને સ્વાનુભવ મેળવ્યો હતો.

કૅમ્પની પૂર્ણાહુતિની પૂર્વસંધ્યાએ એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. તેમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ગામ તરફથી પણ વિવિધ રજૂઆતો કરાઈ હતી. કૅમ્પ દરમિયાન સ્વયંસેવકોને રહેવા-જમવાની સુવિધા ગામ તરફથી અપાઈ હતી. કૅમ્પના અંતિમ દિવસે સ્વયંસેવકોએ ગામનાં વિવિધ સ્થળોએ પક્ષીઓ માટે જલપાત્રો તથા માળા બાંધ્યા હતા, જે આભાર-રેલી દરમિયાન ગ્રામજનોને ભેટ તરીકે આપ્યા હતા.

# બાળકોના આનંદ સાથે ત્રિદિવસીય આત્મન અભિવ્યકિત બાળ શિબિર સંપન્ન



ગાંધીનગર, તા. ૨૦

આત્મન ફાઉન્ડેશન દ્વારા પ્રતિવર્ષની માફક આ વખતે પણ જ્ઞાન સાથે ગમ્મત આપતી ત્રિદિવસીય 'આત્મન અભિવ્યક્તિ બાળ શિબિર' તા. ૧૫થી ૧૭ એપ્રિલ દરમ્યાન જવાહરલાલ નહેરૂ વનૌષધિ ઉદ્યાન, ગાંધીનગર ખાતે યોજાઇ હતી, જેમાં વિવિધ શાળાના અંદાજે ૧૧૫ જેટલાં બાળકોએ ભાગ લીધો હતો. પૂરા દિવસની શિબિરમાં બાળકોએ વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનો આનંદ માણ્યો હતો, સાથે વન-ભોજનની મજા પણ માણી હતી. આ શિબિરમાં તજ્જ્ઞ તરીકે પ્રજ્ઞા ગજ્જર ( ડાન્સ), વિક્રમ જાની ક્રિનલ જાની (બ્રિધંગ એક્સરસાઇઝ), પૂર્વી મણિયાર અને નફીસા જરીવાલા (ડ્રોઈંગ-ક્રાફટ અને બાળગીત), એચ.બી.વરિયા (બાળવાર્તા તથા વેસ્ટમાંથી બેસ્ટ), દક્ષા ભાવસાર (પપેટ, વાર્તા), કુંતલ નિમાવત (નાટક અને અભિનય), જે.સી.પટેલ (વ્યક્તિત્વ વિકાસ), અનિલભાઈ પટેલ (વિજ્ઞાનના પ્રયોગો), સુરેશભાઇ પરમાર (માઈન્ડ પાવર નિદર્શન), અશ્વિનભાઈ શાહ (જાદુના પ્રયોગો), ડૉ. તરલિકાબહેન (ડૉકટર્સ માર્ગદર્શન), જયશ્રી ખેતિયા (બાળગીત) તથા તુષાર દવે (પ્રકૃતિ પર્યાવરણની જાણકારી ) દ્વારા પોતાની બહુમૂલ્ય સેવાઓ આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, આઇ.એ.એસની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર ઉત્સવ પરમાર કે જેમણે ૧૩ વર્ષ પહેલાં આ શિબિરમાં ભાગ લીધો હતો તે આ શિબિરમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થા તરફથી તેમનું શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું. બાળકોએ તેમની સાથે રસપ્રદ પ્રશ્નોત્તરી કરી હતી અને ખૂબ સરસ પ્રશ્નો પૂછી માર્ગદર્શન મેળવ્યું હતું. ૧૩ વર્ષ પહેલાં શિબિરાર્થી તરીકે તેમણે ભરેલ ફોર્મ અને આપેલ પ્રતિભાવના પત્ર લેમિનેશન કરાવીને તેમને ભેટમાં આપવામાં આવતાં તે ભાવવિભોર બન્યા હતા.

શિબિરને સફળ બનાવવામાં સી.એલ.મહેતા (પ્રમુખ), પ્રજ્ઞાપટેલ (મેનેજીંગ ટ્રસ્ટી) જયશ્રી ખેતિયા, સંજય થોરાત, તુષાર દવે, સુધા શુકલા, લીના મહેતા, સુસ્મિતભાઇ ત્રિવેદી, ભાવેશભાઇ સાતા, યોગેશ વ્યાસ, પરા વૈષ્ણવ વગેરેએ યોગદાન આપ્યું હતું.

# ડભોડિયા હનુમાનજીને ૧૧૧૧ તેલના ડબ્બાનો અભિષેક કરાશે



ગાંધીનગર, તા. ૨૦

ડભોડિયા હનુમાન મંદિર એ ગાંધીનગર જિલ્લાનું સુપ્રસિધ્ધ યાત્રાધામ હોવાની સાથે શ્રધ્ધાળુઓની આસ્થાનું પ્રતિક છે. અહીં દૂર દૂરથી શ્રધ્ધાળુઓ પોતાની મનોકામના પૂર્ણ કરવા હનુમાન દાદાના દર્શનાર્થે આવે છે. હનુમાન જયંતિ અહીં ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવાય છે જેમાં ખૂબ મોટી સંખ્યામાં ભકતો ઉમટી પડે છે.

શ્રી હનુમાનજી મંદિર ટ્રસ્ટ ડભોડા દ્વારા આગામી તા. ૨૨મી એપ્રિલને શુક્રવારના રોજ હનુમાન જયંતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ નિમિત્તે સવારે ૫.૦૦ કલાકે હનુમાનજી દાદાનો મારૂતિયજ્ઞ, સવારે ૮.૦૦ કલાકે ૧૧૧૧ તેલના ડબાથી અભિષેક, સવારે ૯.૦૦ કલાકે જાજરમાન શોભાયાત્રા સવારે ૧૧.૪૫ કલાકે ધજા ચઢાવવામાં આવશે. આ ઉપરાંત બપોરે ૧૨.૦૦ કલાકે મહાઆરતી કરાશે ત્યારબાદ બપોરે ૧૨.૩૦ કલાકે ૧૫૧ કિલોની કેકનો પ્રસાદ વિતરણ કરાશે તથા સવારના ૧૦.૩૦થી રાત્રિના ૯.૩૦ કલાક દરમિયાન મહાપ્રસાદનું પણ આયોજન કરાયું છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ફેન
૬.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૨**
ફેન
૧૨.૩૦, ૩.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ફેન
૨.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
જંગલ બૂક (૩ડી હિન્દી)
૧૨.૧૫, ૮.૦૦
જંગલ બૂક (૩ડી અંગ્રેજી)
૫.૪૫

**સ્ક્રીન-૪**
કિ એન્ડ કા
૭.૦૦
ફેન
૧૦.૦૦, ૧.૧૫, ૪.૧૫, ૯.૧૫

**સ્ક્રીન-૫**
ફેન
૧૧.૦૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૬**
ફેન
૮.૦૦
કિ એન્ડ કા
સવારે ૧૦.૦૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### દલિત સાહિત્ય વિમર્શ મંચ, ગાંધીનગરના ઉપક્રમે

# ડૉ. બાબાસાહેબના વિદ્વતાપૂર્ણ ગ્રંથોનો પરિચય કરાવતી પ્રવચન શ્રેણી યોજાઇ



ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ ઉજવણીના ઉપલક્ષ્યમાં દલિત સાહિત્ય વિમર્શ મંચ, ગાંધીનગરના ઉપક્રમે આઠ દિવસ સુધી દરરોજ ડૉ. બાબાસાહેબના વિદ્વતાપૂર્ણ ગ્રંથોનો પરિચય કરાવતી પ્રવચન શ્રેણી યોજવામાં આવી હતી.

ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે આયોજિત આ શ્રેણીમાં તા. ૭ એપ્રિલના રોજ 'અસ્પૃશ્યો અને અસ્પૃશ્યતા (રાજકીય)' વિષય પર ભરત દેવમણિએ, તા. ૮ના રોજ 'અસ્પૃશ્યો અને અસ્પૃશ્યતા (સામાજિક)' વિષયે જી કે રાઠોડે, તા. ૯મીના રોજ 'અસ્પૃશ્યો અને અસ્પૃશ્યતા (ધાર્મિક)' વિષયે નટુભાઈ પરમારે, તા. ૧૦મીએ 'ડૉ. આંબેડકર : સાયમન કમિશનની સાથે' વિષયે ભરત દેસાઈએ, તા. ૧૧મીએ 'ગાંધી અને અસ્પૃશ્યોની મુક્તિ' વિષયે સાહિલ પરમારે, ૧૨મીએ 'અસ્પૃશ્યો : ભારતની બહિષ્કૃત વસાહતોના વર્ણ બહારના લોકો' વિષયે રમણ વાઘેલાએ, તા. ૧૩મીના રોજ 'રસેલ અને સમાજનું પુનઃનિર્માણ' વિષયે પ્રવીણ ગઢવીએ અને તા. ૧૪ એપ્રિલના રોજ 'ડૉ. આંબેડકર ગોળમેજી પરિષદમાં' વિષયે હરીશ મંગલમે અભ્યાસપૂર્ણ વક્તવ્યો રજૂ કર્યાં હતાં, જેનો લાભ ગાંધીનગરના પ્રબુદ્ધ નાગરિકોએ લીધો હતો. રમેશ દેવમણિએ જાતિપ્રથાના વિરોધમાં દલિતોની રાજનૈતિક ચળવળના જે મંડાણ થયા હતા તેને કરોડોની સંખ્યાના સમાજના એક વર્ગના અસ્તિત્વને નકારવાના પ્રયાસ, એમાં ગાંધીની વરવી ભૂમિકા અને અસ્પૃશ્યોના વિદ્રોહ પર વિગતે વાત કરી હતી.

જી. કે. રાઠોડે અસ્પૃશ્યતાનું પાલન કરનારાઓને ઘોર અસભ્યતાના પ્રતીક રૂપે ઓળખાવીને ડૉ. આંબેડકરે જાતિપ્રથાના અભિષાપ પર કરેલ વિશદ ચર્ચાને આવરી લઈ અસ્પૃશ્યતાના દુષણે નોતરેલા સામાજીક મહાવિનાશને ડૉ. આંબેડકરે નૃવંશશાસ્ત્રીય દષ્ટિથી જે તપાસ્યો હતો તેના પર પ્રકાશ પાથર્યો હતો.

નટુભાઈ પરમારે ઈ.સ. ૦૧ થી ૧૮ મી સદી સુધી ભારતમાં ખ્રિસ્તી ધર્મે જોયેલી ચડતી-પડતી અને અસ્પૃશ્યોના ધર્માંતરણ માટે થયેલા પ્રયાસો તથા ધર્માંતર થયા પછી પણ અસ્પૃશ્યોની નહિ બદલાયેલી સ્થિતિ પરના ડૉ. આંબેડકરના વિચારો રજૂ કર્યા હતા.

સાહિલ પરમારે અસ્પૃશ્યોની દેશની કુલ જનસંખ્યા, તેમનું મહત્વ, તેમની રાજકીય માંગણીઓ અને તેનો હિન્દુઓ ધ્વારા થઈ રહેલો વિરોધ, એનાં નિવારણ માટે બેવડા મતદાર મંડળની માંગણી તથા સરકારી સેવાઓમાં અસ્પૃશ્યોના પ્રતિનિધિત્વ, તેમના હક્કો-હિતોનું કાયદા ધ્વારા રક્ષણ અને આ તમામ મુદે ગાંધીજીની ભૂમિકા પર ડૉ. આંબેડકરે કરેલ તીખી આલોચનાને ભલીપેરે શ્રોતાઓ સમક્ષ મૂકી આપી હતી.

રમણ વાઘેલાએ અસ્પૃશ્યો, બહિષ્કૃતો, વર્ણ બહારના લોકો, તેઓ કેવી રીતે અસ્પૃશ્યો બન્યા, એક સામાજીક દુષણે અસ્પૃશ્યોનું જીવન કેવું દોહ્યલું અને પશુથીય બદતર બનાવી મુકેલું તેનો ડૉ. બાબાસાહેબે કરેલો વિશદ અભ્યાસ, ગાગરમાં સાગરની જેમ એમના વક્તવ્યમાં મૂકી આપ્યો હતો.

સાતમા દિવસે બર્ન્ટ્રાર્ડ રસેલ અને સમાજનું પુનઃ નિર્માણ પર ડૉ. બાબાસાહેબે કેટલાંક મુદ્દે રશેલથી સંમત થતા અને કેટલાક મુદ્દે રસેલથી વિરોધ જતાવતાં જે વિચારો વ્યક્ત કર્યા છે તેનાથી શ્રી પ્રવીણ ગઢવીએ શ્રોતાઓને અવગત કરાવ્યા હતા. જ્યારે અંતિમ દિવસ ૧૪મી એપ્રિલે શ્રી હરીશ મંગલમે ગોળમેજી પરિષદમાં ડૉ. આંબેડકરે દલિતોના હિતો અને તેમના ભાવિની સલામતી માટે કરેલ રજૂઆતો અને આપેલ લડત વિશે વિગતે વાત કરી હતી.

ઉલ્લેખનીય છે કે અંદાજિત વીસ હજારથી વધુ પાનાઓમાં વિસ્તરેલા ડૉ. આંબેડકરના ૩૦થી વધુ દળદાર ગ્રંથોના પરિચય કરાવતા વક્તવ્યોનું આયોજન, દલિત સાહિત્ય વિમર્શ મંચ દ્વારા બે તબક્કે હાથ ધરાયું હતું અને એ હેઠળ અત્યાર સુધીમાં ૧૫ જેટલા ગ્રંથો પર ૧૫ વક્તાઓ એમના વિચારો વ્યક્ત કરી ચૂક્યા છે. આ જ ઉપક્રમને આગળ વધારતાં ડૉ. બાબાસાહેબના વધુ ગ્રંથો પરની વક્તવ્ય શ્રેણીના ત્રીજા અને ચોથા તબક્કાનું આયોજન પણ ટૂંક સમયમાં હાથ ધરાઈ રહ્યું છે, જેથી ડૉ. આંબેડકરના વિશાળ સર્જનકાર્યનો સામાન્ય વાચકોને પણ પરિચય મળી રહે. આ વક્તવ્યોને એક સંકલિત ગ્રંથરૂપે પ્રકાશિત કરવાનું પણ દલિત સાહિત્ય વિમર્શ મંચ, ગાંધીનગરનું આયોજન છે.

# સ્ટેટ હાયર ઍજ્યુકેશન કાઉન્સિલની રચના અંગેનો નિર્ણય આવકારદાયક

ગુજરાત સરકાર દ્વારા ગુજરાત સ્ટેટ હાયર ઍજ્યુકેશન કાઉન્સિલની રચના કરવાના નિર્ણયને પૂર્વ કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરાએ આવકારી કાઉન્સિલની રચના બાદ રાજ્યની યુનિવર્સિટીઝ વચ્ચે સંશોધન વિસ્તરણ તેમજ શિક્ષણની ગુણવત્તા માટે વધુ સારું સંકલન સાધી શકાશે તેવો દૃઢ વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

ડૉ. જોશીપુરાએ જણાવ્યું છે કે આ પ્રકારની કાઉન્સિલ રચવા અંગેનો નિર્ણય તત્કાલિન કેન્દ્રની યુપીએ સરકાર દ્વારા લેવામાં આવ્યો હતો અને દેશમાં અલગ-અલગ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૩૩ જેટલી કાઉન્સિલ અસ્તિત્વ ધરાવે છે.

ગુજરાત સ્ટેટ હાયર ઍજ્યુકેશન કાઉન્સિલ ઍક્ટ (બિલ)ની રચનાનો આધાર તત્કાલિન કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબનો છે ત્યારે આ કાઉન્સિલને કૉમન ઍક્ટ લાવવાની દિશા તરફનું પગલું ગણવું પ્રસ્તુત જણાતું નથી. કાઉન્સિલના મુખ્ય ધ્યેયો, તેની રચના, પ્રિએમ્બલ તેમજ સૂચિત ઍક્ટની જોગવાઈઓ જોતાં યુનિવર્સિટીઝ વચ્ચે સંકલન રાખવાનો મુખ્ય ઉદ્દેશ દેખાઈ રહ્યો છે, જે ખૂબ જરૂરી પણ હતું.

કાઉન્સિલની રચનામાં મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી ઉપરાંત રાજ્યના કુલપતિઓ અને યુનવર્સિટી ગ્રાન્ટ કમિશનના પ્રતિનિધિ એમ પ્રત્યેક શૈક્ષણિક ક્ષેત્ર સાથે સંકળાયેલા અંગોના પ્રતિનિધિત્વની જોગવાઈ રાખવામાં આવી છે એ બાબત ઉલ્લેખનીય છે.

આ ઉપરાંત સ્ટેટ સૅન્ટર ફૉર સાયન્ટિફિક રિસર્ચની સ્થાપના અંગેની જોગવાઈ પણ કાઉન્સિલ અંતર્ગત રાખવામાં આવી છે. ખાસ કરીને રાજ્યની યુનવર્સિટીઝ અને કૉલેજીસ માટે સંશોધન તેમજ વિકાસલક્ષી નાણાંકીય સહાયના સંદર્ભમાં ખૂબ જ ફાયદો થવાનો છે કારણ કે માનવી સંસાધન વિકાસ મંત્રાલય તેમજ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન તરફથી પણ સ્ટેટ હાયર ઍજ્યુકેશનના માધ્યમથી સારી એવી નાણાંકીય મદદ મળી રહેશે.

ગુજરાત રાજ્યની વાત છે ત્યાં સુધી ઉદ્યોગો અને સમાજની અપેક્ષાઓ ફળીભૂત કરી શકે અને ખાસ કરીને યુનિવર્સિટીઝમાંથી સ્કીલ્ડ મૅનપાવર બહાર પડે તે અર્થે લાંબા ગાળાના ઍક્શન પ્લાનના સંદર્ભમાં કાઉન્સિલની રચના ખૂબ જ મહત્ત્વની બની રહેશે. આ ઉપરાંત સ્ટેટ સૅન્ટર ફૉર સાયન્ટિફિક રીસર્ચ અસ્તિત્વમાં આવશે જેના કારણે રાજ્યની યુનિવર્સિટીઝ માટે વિજ્ઞાનના ક્ષેત્રમાં સંશોધન માટે સારી એવી સવલતો પ્રાપ્ત થઈ શકશે. ઉપરાંત વરિષ્ઠ શિક્ષણવિદોના જ્ઞાન અને અનુભવનો લાભ પણ યુનિવર્સિટીઝને મળી શકશે એ વાત પણ નિશ્ચિત છે.